ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# બાસણની સીમમાં યુવાન પર દિપડો ત્રાટક્યો



## હુમલો કરનાર પ્રાણી દિપડો જ હતો ? તંત્ર દ્વારા તપાસ માટે ચાર ટીમ દોડાવી

કાળાજી ઉપર બાસણ નજીક જંગલમાં થયેલો હિંસક હુમલો દિપડાએ જ કર્યો હતો કે અન્ય કોઈ ઝરખ જેવુ પ્રાણી હતું તેની તપાસ વન વિભાગ દ્વારા શરૂ કરવામાં આવી છે. ડી.એફ.ઓ. ભાવીન વ્યાસના જણાવ્યા પ્રમાણે ગાંધીનગર-અમદાવાદ વિસ્તારમાં દિપડો નથી તેથી દિપડો આ વિસ્તારમાં આવવાની શક્યતા ઓછી છે.

સાબરમતી નદીની કોતરો કરીને ધરોઈ બાજુથી દિપડો આવ્યો હોય તો શક્ય છે. શાહપુરથી પાલજ-લેકાવાડાના આખા વિસ્તારના જંગલોમાં તપાસ માટે વન વિભાગની ચાર જુદી જુદી ટીમો દોડતી કરવામાં આવી છે. કોઈ કોલ, કોઈ પક્ષી-પ્રાણી દિપડા હોવાની નિશાની મેળવવા તંત્ર કામે લાગ્યું છે.

(તસવીર : વિપુલ ચૌહાણ)



## ખેતરથી ઘરે જતા રસ્તામાં આવતા જંગલ વિસ્તારમાં દિપડાએ દેખા દીધી : પંજા મારીને નાક-મોં અને પીઠે નહોર ભરીને લોહીલુહાણ કરી મુક્યો : ગ્રામજનોમાં ફફડાટ : તંત્ર દોડતુ થયું

ગાંધીનગર, તા. ૨૮

સાબરમતી નદીની કોતરોમાંથી ફરતો-ફરતો ધરોઈથી હિંસક દિપડો ગાંધીનગર વિસ્તારમાં આવી જતાં ફફડાટ મચી જવા પામ્યો છે. બાસણ ગામનો યુવાન ખેતરમાં મજુરી કામ કરીને સમી સાંજે જંગલ ક્રોસ કરીને ઘર તરફ જઈ રહ્યો હતો. ત્યારે રસ્તામાં જંગલમાં દિપડાએ યુવાન પર પ્રાણઘાતક હુમલો કર્યો હતો. બબ્બે વાર દિપડાની ઝપટમાંથી છુટીને પડકારી હિંમતપૂર્વક યુવાને પોતાનો જીવ બચાવ્યો હતો. ગાંધીનગર પાસે બાસણ ગામ નજીક જંગલ વિસ્તારમાં દિપડાએ દેખા દઈને એકને ઘાયલ કર્યાના સમાચાર વાયુવેગે પ્રસરી જતા ગ્રામજનો ફફડી ઉઠ્યા છે અને દિપડો છે કે કેમ ? તેની તપાસ કરવા ઉપરાંત દિપડો હોય તો તેને પકડવા માટે વન વિભાગ પણ કામે લાગી ગયું છે.

ગાંધીનગર નજીક આવેલા બાસણ ગામમાં રહેતો ૨૪ વર્ષિય યુવાન કાળાજી ચંદુજી ઠાકોર તેના ગામથી થોડે દૂર જંગલ વિસ્તાર ક્રોસ એક ખેતરમાં મજુરી કામ કરે છે. શુક્રવારે સમી સાંજે કાળાજી મજુરીકામ કરીને ખેતરેથી ઘરે બાસણ જવા માટે જંગલ વિસ્તારમાંથી નીકળ્યો ત્યારે તેની પાછળ કોઈ આવી રહ્યુ હોવાનો અહેસાસ થયો હતો. અચાનક તેણે પાછળ વળીને જોયુ તો કંપારી છુટી ગઈ...! જનુની અને હિંસક બનેલો એક દિપડો તેની સામે હતો. તે જ સમયે દિપડાએ યુવાન પર તરાપ મારી અને પ્રાણઘાતક હૂમલો કર્યો હતો. પહેલી તરાપથી દિપડાના પંજા યુવાનના મોં અને નાકે વાગતા લોહી લુહાણ થઈ ગયો હતો. યુવાને હિંમત ભેગી કરીને દિપડાને હડસેલીને ભાગવાનો પ્રયત્ન કર્યો. દિપડાએ ફરીવાર પાછળથી યુવાન પર જીવલેણ હૂમલો કર્યો તો સર્ટ ફાટી ગયો અને દિપડાના પંજાના નખ યુવાનના નિતંબના ભાગે ઘુસી જતાં પંજાના શૉર પડી ગયા હતા. ફરીવાર યુવાને દિપડાને હાથેથી પકડીને એક તરફ ફેંક્યો...! યુવાનું નસીબ જોર કરતુ હતુ. દિપડાએ બીજો રસ્તો પકડી લીધો અને યુવાનને બક્ષી દીધો હતો. કાળાજી દોડતો-દોડતો ઘરે જીવ બચાવીને હેમખેમ પહોંચી ગયો અને લોહીલુહાણ હાલતમાં તેને પરીવારજનો ચિલોડા ખાતે ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા હતા. દિપડાએ દેખા દઈને જીવલેણ હૂમલો કરીને એકને ઘાયલ કર્યો હોવાની વાત વાયુવેગે પ્રસરી જતા ગ્રામજનો થરથરી ઉઠ્યા છે. બે દિવસથી ભયભીત ગ્રામજનોએ સુરજ આથમ્યા બાદ ઘરની બહાર નીકળવાનું પણ બંધ કરી દીધુ છે.

### સાવચેતી રાખવા ગ્રામજનોને વન વિભાગની ચેતવણી

બાસણ ગામ પાસે જંગલ વિસ્તારમાં દેખા દેનાર દિપડાએ એક યુવાન પર હુમલો કર્યા બાદ ગ્રામજનો ફફડી ઉઠ્યા છે. જ્યાં સુધી દિપડો છે કે નહી અને જો દિપડો હોવાની પુષ્ટતા થાય તો તે પકડાય નહી ત્યાં સુધી રાત્રીના સમયે ઘરની બહાર નિકળતા સાવચેતી રાખવા ડી.એફ.ઓ. ભાવીન વ્યાસે ચેતવણી આપી છે.

### પશુ-પક્ષીનું મારણ કર્યું છે ? તેની તપાસ શરૂ કરાઈ

દિપડો જ હતો કે અન્ય કોઈ પ્રાણી તે જાણવા માટે તંત્રએ ૪ ટીમો દોડાવી છે. જો દિપડો જ હશે તો તે જંગલ વિસ્તારમાં કોઈ પશુ-પક્ષીનું મારણ કર્યું હશે અથવા એકાદ દિવસમાં મારણ કરશે. તેના પર ધ્યાન રાખી તપાસ ચાલુ કરવામાં આવી છે. તંત્રએ પાંજરાઓ પણ તૈયાર કરી દીધા છે.

## ખૂણે... ...ખાંચરેથી

- રાજ્ય સરકારના નિવૃત્ત સનદી અધિકારી અને ગાંધીનગરના પૂર્વ કલેક્ટર શ્રી એમ.સી. નાયકના ધર્મપત્નીને પંચદેવ મંદિરના પ્રાંગણમાં ઠેસ વાગતાં પડી જતાં પગે ફેક્ચર થયું છે.
- સાબરમતી નદી પર બાંધવામાં આવેલ ધરોઈ ડેમમાં પ્રતિ કલાકે ૧૦,૫૦૦ ક્યુસેક પાણીની આવક થઈ રહી છે.
- માણસામાં રવિવારે દિવસ દરમ્યાન ૧॥ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો જ્યારે ગાંધીનગરમાં ૧૯ મિ.મિ. વરસાદ નોંધાયો.
- સે. ૩૦ના ઝૂલેલાલ મંદિરમાં આજે ભારત વિકાસ પરિષદના ઉપક્રમે સિંધુ જળ પૂજનનો એક અનોખો કાર્યક્રમ યોજાયો હતો.
- બ્રહ્મભવનમાં જાણીતા સંત શ્રી સ્વામી સચ્ચિદાનંદજી મહરાજે બ્રાહ્મણોને હેતથી બ્રહ્મભોજન કરાવ્યું હતું અને આગ્રહ કરીને લાડુ પિરસ્યા હતા.
- સેક્ટર-૨૨માં રાત્રે ગાયો દ્વારા માર્ગ પર જ કબ્જો જમાવી દેવાતો હોવાથી વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે તેમજ શાળાએ જતાં બાળકો અડફેટે ના આવે તેની ચિંતા વાલીઓને સતાવી રહી છે. જો કે તંત્ર ક્યારે પગલાં લેશે તેવો તેરમણનો સવાલ સૌના મુખે પ્રશ્નાર્થ બની ઉભર્યો છે.
- ગાંધીનગર સિવિલના તબીબ ડૉ. મેહુલ મગદાણી જ વાયરલ ફિવરની ઝપટમાં આવી ગયા છે.
- રાજ્યના મુખ્યમંત્રીશ્રીની આરોગ્ય અંગે સી.એમ. સેતુ યોજના અંગે આજે ઈન્ટરવ્યુ રાખવામાં આવ્યા છે.
- રાજ્ય સરકારના પ્રવાસન વિભાગ દ્વારા હવે સપ્ટેમ્બરમાં મોન્સુન ફેસ્ટીવલનું આયોજન પ્રવાસીઓના આકર્ષણ માટે યોજવામાં આવશે.

## ગાંધીનગરમાં વધુ ૧૯ મી.મી. વરસાદ

ગાંધીનગર, તા. ૨૮

વાદળછાયા વાતાવરણ વચ્ચે રવિવારે બપોરે શહેરમાં જોરદાર ઝાપટુ પડતા વધુ ૧૯ મી.મી. વરસાદ સાથે મૌસમનો કુલ વરસાદ ૨૭૭ મી.મી. સુધી પહોંચ્યો છે.

છેલ્લા ઘણા દિવસોથી શહેરમાં વરસાદી વાતાવરણ છવાયેલું છે. અનરાધાર વરસાદ તો નથી વરસતો પરંતુ દિવસ દરમ્યાન એકાદ-બે ઝાપટા વરસીને વરસાદી વાતાવરણનો અહેસાસ જગાવી રાખે છે. આજે પણ બપોરે આકાશમાં વાદળોનો જોરદાર જમાવડો થયો હતો અને લગભગ અડધા કલાક સુધી ઝાપટુ પડ્યું હતુ. આ દરમ્યાન લગભગ ૧૯ મી.મી. વરસાદ નોંધાયો હતો. આ સાથે મોસમનો કુલ વરસાદ ૪૭૭ મી.મી. થયો છે. વાતાવરણમાં ઠંડક વ્યાપી ગઈ છે. મહત્તમ તાપમાન ૨૭ ડી.સે. અને લઘુત્તમ તાપમાન ૨૬.૫ ડિ.સે. નોંધાયું હતું. જ્યારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૯૨ ટકા અને સાંજે ૯૬ ટકા રહ્યું હતું.

# ધીમી ધારના વરસાદથી ઠેર ઠેર કાદવ કિચડ

## દરરોજ અડધાથી એક ઈંચ જેટલા ધીમી ધારે વરસતા વરસાદે શહેરને ગંદવાડમાં ફેરવ્યું : સાફ સફાઈ ન થતાં પરિસ્થિતિ વકરી

ગાંધીનગર, તા. ૨૮

છેલ્લા ઘણા દિવસોથી આકાશમાં સતત ઘેરાયેલા વાદળો છુટોછવાયો વરસાદ વરસાવી રહ્યા છે. ધીમી ધારે વરસાદ પડતા ઠેર ઠેર ગંદકી અને કાદવ કિચડ થઈ ગયા છે. શાકમાર્કેટ અને તેની આસપાસના વિસ્તારમાં તો પગ મુકી શકાય તેમ નથી.

ધીમી ધારનો વરસાદ અને સતત ઘેરાયેલું આકાશ હવે અનેક સમસ્યાઓને પેદા કરી રહ્યું છે. વારંવાર પડતા ઝાપટાને કારણે અનેક સ્થળોએ પાણી ભરાયા છે. અગાશીઓ પર અને છજા પર એકત્ર થતુ ચોખ્ખુ પાણી મચ્છરોના ઉપદ્રવનું સ્થળ બની રહ્યા છે. મેલેરીયા સહિતના મચ્છરજન્ય રોગોનું પ્રમાણ વધ્યુ છે. તેવી જ રીતે વાયરલ ઈન્ફેક્શનના દર્દીઓ વધી રહ્યા છે. ખાનગી અને સરકારી દવાખાનાઓમાં દર્દીઓની ભીડ નોંધપાત્ર રીતે વધી છે.

ધીમા વરસાદને કારણે માર્ગો પર ખુલ્લા સ્થળોએ ઠેર ઠેર ખાબોચિયા ભરાયા છે. જેમાં માટી ભળતા કાદવકિચડ થયું છે. સેક્ટર-૨૪ અને સેક્ટર-૨૧ના શાકમાર્કેટની આસપાસ તો પરિસ્થિતિ વધુ ગંભીર બની છે. અહીં તો પગ મુકવો પણ ગમતો નથી વળી શહેરમાં અનેક સ્થળોએ નિયમિત સાફસફાઈ થતી ન હોવાથી વરસાદમાં વધુ ગંદકી ફેલાય છે. કચરાપેટીઓ અને ઉકરડાની આસપાસ વધુ ગંદકી જોવા મળે છે. વરસાદની સિઝનમાં વધુ સાફ સફાઈ થવી જોઈએ તેની જગ્યાએ સાફ સફાઈ ઓછી થાય છે. તેની ગંદકી વધતી જાય છે.

લીટરરી એકેડેમી ઓફ નોર્થ અમેરિકા અને ટી.વી. એશિયા દ્વારા

## ટી.વી. એશિયા હોલમાં ભાગ્યેશ જહા સાથે સંવાદ

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાતી લિટરરી એકેડેમી ઓફ નોર્થ અમેરિકા અને ટી.વી. એશિયા દ્વારા ૨૮મી જુલાઈના રોજ ગાંધીનગરના જાણીતા સાહિત્યકાર અને સનદી અધિકારી શ્રી ભાગ્યેશ જહા સાથે એક સંવાદનું આયોજન એડીશન ખાતે કરવામાં આવ્યું છે.

કવિતા, નિબંધ અને હાસ્યનો ત્રિવેણી સંગમ સર્જતા શ્રી ભાગ્યેશ જહા સામાજિક કારણોસર હાલ અમેરિકા ગયા છે અને ત્યાં તેમનો આ સમારોહ ગુજરાતી ચાહકો દ્વારા યોજવામાં આવ્યો છે.

ટેબ્લેટને અજવાળે પાનબાઈ એ તેમજ મીરાની જેમ મળતા રહેજો એ તેમના બે નવા પ્રકાશનો તાજેતરમાં પ્રસિદ્ધ થયા છે. ટેબ્લેટને અજવાળે પાનબાઈ એ તેમનો નિબંધ સંગ્રહ છે. પ્હાડ ઓગળતા રહ્યાના સર્જક તરીકે એક કવિ તરીકે તેમની ઓળખ સાહિત્ય ક્ષેત્રે થઈ હતી તેમણે મીરાની જેમ મળતા રહેજો એવો બીજો કાવ્યસંગ્રહ પણ આપ્યો છે.

કૃષ્ણ અને મીરા એ તેમના ગીતોની આગવી ઓળખ રહ્યા છે. સંસ્કૃતમાં પણ તેમણે કવિતાઓ લખવાનો પ્રારંભ કર્યો છે. ટી.વી. એશિયાના ઓડિટોરિયમમાં ગાંધીનગરના આ સાહિત્યકાર સાથેના યોજાયેલા સંવાદને લઈ સાહિત્ય રસિકોએ ગર્વની લાગણી વ્યક્ત કરી છે.



હર હર મહાદેવ... : ગાંધીનગર સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તાલીમ વર્ગના શુભારંભ સમારોહ પૂજ્ય સ્વામી સચ્ચિદાનંદજી અને ગોંડલ પીઠના આચાર્ય ઘનશ્યામદાસજી મહારાજની નિશ્રામાં યોજાયો હતો. બ્રહ્મ ભવનના નિર્માણ માટે પૂજ્ય સચ્ચિદાનંદજી દ્વારા રૂ. ૬૧ લાખના માતબર દાનની જાહેરાત થતાં બ્રહ્મ સમાજના સૌ સભ્યોએ હર હર મહાદેવના જયઘોષથી જાહેરાતને ઉમળકાથી વધાવી હતી. સ્પર્ધાત્મક પરીક્ષાના તાલીમ વર્ગમાં ૨૦૦થી વધુ યુવક-યુવતીઓ જોડાયા છે.

# સમાજની પ્રગતિ માટે સંગઠન આવશ્યક : સ્વામી સચ્ચિદાનંદજી

## સમસ્ત બ્રહ્મસમાજના બ્રહ્મભવનના નિર્માણ માટે ૬૧ લાખનું માતબર દાન: સ્પર્ધાત્મક-પરીક્ષાઓ માટે તાલીમ વર્ગનો શુભારંભ સમારોહ યોજાયો


ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર સમસ્ત બ્રહ્મસમાજને બ્રહ્મભવનના નિર્માણ માટે સ્વામી સચ્ચિદાનંદ તરફથી રૂ. ૬૧ લાખના માતબર દાનની જાહેરાત થઈ છે. ભારે હર્ષની લાગણી પ્રસરી હતી. સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા બ્રહ્મભવન ખાતે રવિવારે સવારે સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેના તાલીમ વર્ગનો શુભારંભ સમારોહ યોજાયો હતો. સમારોહના અધ્યક્ષ સ્થાનેથી પૂ. સચ્ચિદાનંદજીએ બ્રહ્મસમાજના સંગઠન પર ભાર આપતા જણાવ્યું હતું કે કોઈપણ સમાજ ગતિ-પ્રગતિ સંગઠન વિના કરી શકશે જ નહિ. બદલાતા સમયના પગલે સામાજિક જાગૃતિ અને સામાજિક એકતા ખુબ જ આવશ્યક છે. ગાંધીનગર બ્રહ્મ સમાજે પ્રભાવી સંગઠન શક્તિ નિર્માણ કરી છે તે ગૌરવ અને આનંદની બાબત છે. સ્વામીજીએ તેજસ્વી અને શક્તિશાળી પેઢીના નિર્માણ પર ભાર મુકતા જણાવ્યું હતું કે બ્રાહ્મણ યાચક નહી ઋષિ બને. લેવામાંથી આપવાની ભૂમિકા પર આવે. મૂળ તત્વ ધરાવતો બ્રાહ્મણ જો થોડી ઘણી પણ મથામણ કરશે તો પુનઃ સામાજીક શક્તિમાં અગ્રેસર બની શકશે. સ્વામીજીના માતબર દાનની જાહેરાતને સૌ સભ્યોએ ઉભા થઈ જયઘોષ દ્વારા વધાવી હતી.

સમારોહના મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત ભૂવનેશ્વરી પીઠ ગોંડલના આચાર્ય ઘનશ્યામદાસજી મહારાજે સમાજને વધુ ગતિ માટે આહ્‌વાન કર્યું હતું. વિવિધ ઉદાહરણો દ્વારા સામાજીક ચેતના સતત પ્રસરતી રહે એવો માહોલ જાળવવા અનુરોધ કર્યો હતો. શક્તિ અને ભક્તિના સમન્વયથી સામાજિક એકતા વધુ મજબુત બનાવવા વિવિધ પ્રવૃત્તિઓના માધ્યમથી બ્રહ્મસમાજે એક નેતૃત્વની ભૂમિકા પુરી પાડવી જોઈએ.

પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના ચેરમેન શ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદીએ આવતીકાલની ઉજ્જવળતા માટે બ્રહ્મસમાજ વધુને વધુ કાર્યરત રહે અને મુલ્ય આધારિત સમાજ રચના માટે બ્રાહ્મણની ભૂમિકા મહત્વની બની રહે એવી ભાવના આપણા સૌમાં અખંડ રહે તેવી શુભેચ્છા વ્યક્ત કરી હતી. ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જહાએ


● અનુસંધાન પાના - ૭ પર









Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com